# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

અષાઢ વદ - ૦૬ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર



સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

જેઓ સત્તાની બડાઈ કરે છે તેઓ જાણે છે કે, બુદ્ધિથી બળ ક્યારેય બળવાન હોતું નથી!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૪૬ ● તારીખઃ ૦૪.૦૮.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# બાંકીપુરમાં ભાજપે ગઢ ગૂમાવ્યોઃ પ્રશાંત કિશોરની ભવ્ય જીત

## દતિયામાં કોંગ્રેસ અને માંજલપુરમાં ભાજપનો વિજયઃ દતિયામાં કોંગ્રેસની જીતઃ કુંવર ઘનશ્યામ સિંહે ભાજપના આશુતોષ તિવારીને હરાવ્યાઃ માંજલપુર પેટા ચૂંટણીમાં ભાજપના સતીશ પટેલની ભવ્ય જીત







**સમય સંદેશઃ પટના/વડોદરા/ભોપાલઃ**

બિહાર, મધ્ય પ્રદેશ અને ગુજરાતની ચર્ચિત વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટા ચૂંટણીના ગઈકાલે જાહેર થયેલા પરિણામોએ રાજકીય ક્ષેત્રે ભારે ઉત્તેજના સર્જી છે. બિહારની હાઈપ્રોફાઈલ બાંકીપુર બેઠક પર જન સુરાજ પાર્ટીના પ્રશાંત કિશોરે શાનદાર વિજય મેળવીને મોટો રાજકીય ઉલટફેર સર્જ્યો છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષના ગઢ ગણાતી આ સીટ પરથી પ્રશાંત કિશોરે ભાજપના ઉમેદવાર નીરજ સિંહાને ૧૮,૦૦૦થી વધુ મતોના જંગી અંતરથી પરાજય આપ્યો હતો. આ બેઠક પર પ્રશાંત કિશોરને ૬૩,૨૦૩ મત મળ્યા હતા, જ્યારે નીરજ સિંહાને ૪૪,૨૫૦ મત અને આરજેડીના ઉમેદવાર રેખાકુમારીને ૧૪,૦૮૫ મત પ્રાપ્ત થયા હતા. લગભગ ત્રણ દાયકાથી ભાજપના વર્ચસ્વ વાળી આ બેઠક પર મેળવેલી જીત બાદ પ્રશાંત કિશોરે રાજ્યના નેતૃત્વ અને પલાયનના મુદ્દે કેન્દ્રીય નેતૃત્વને અપીલ કરી હતી.

બીજી તરફ, મધ્ય પ્રદેશની ચર્ચિત દતિયા વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં પણ કોંગ્રેસે પોતાની સીટ જાળવી રાખી છે. પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્ર ભારતીની અયોગ્યતાના કારણે ખાલી પડેલી

અનુ પાના નં.૨ પર

## આરએસએસ વડા મોહન ભાગવત ૬ ઓગસ્ટે ઝેન-જી અને આલ્ફા પેઢી સાથે સાધશે સીધો સંવાદ

**સમય સંદેશઃ નાગપુર**




રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના સરસંઘચાલક ડો. મોહન ભાગવત આવનારી ૬ ઓગસ્ટે નવી પેઢીના યુવાનો એટલે કે જનરેશન ઝેડ અને જનરેશન આલ્ફાના વિદ્યાર્થીઓ સાથે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક સંવાદ સાધવા જઈ રહ્યા છે. મુંબઈ સ્થિત નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર ખાતે આયોજિત આ વિશેષ કાર્યક્રમ 'ઈન્ટરનેશનલ ઈન્ડિયન મોડેલ યુનાઈટેડ નેશન્સ' ની ૧૫મી વર્ષગાંઠ નિમિત્તે યોજાનારી વાર્ષિક ચેમ્પિયનશિપ કોન્ફરન્સનો ઉદઘાટન સમારોહ હશે. દેશના ભવિષ્ય એવા યુવાનોને ભારતીય વિચારધારા અને મૂલ્યો સાથે જોડવા માટે સંઘના આ વ્યુહરચનાત્મક પગલાંને રાજકીય અને સામાજિક વિશ્લેષકો ખૂબ જ મહત્વનું ગણાવી રહ્યા છે.

આ ભવ્ય કોન્ફરન્સમાં દેશભરના ૧૦૦ થી વધુ શહેરોમાંથી પસંદ કરાયેલા ૧૫ થી ૧૯ વર્ષની વયના ૨,૦૦૦ થી વધુ ઉત્સાહી શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ વર્ષના ઉદઘાટન કાર્યક્રમની મુખ્ય થીમ ''ભારતીય દ્રષ્ટિકોણથી વિશ્વને એક કરવામાં

અનુ પાના નં.૨ પર

## આગામી ૮-૧૦ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર, કરાયું સત્તાવાર એલાન

**સમય સંદેશઃ ગાંધીનગર**




ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર આગામી ૮, ૯ અને ૧૦ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. રાજ્યપાલે ૧૫મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રનું આહ્વાન કરતાં સત્ર સંબંધિત જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વિધાનસભા અધ્યક્ષ શંકર ચોધરીએ કહ્યું કે સત્રને ધ્યાનમાં રાખીને ધારાસભ્યો ૨૦ ઓગસ્ટ સુધી પોતાના પ્રશ્નો ઓનલાઈન તેમજ પ્રત્યક્ષ રીતે રજૂ કરી શકશે. જ્યારે ૬ સપ્ટેમ્બરે કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાશે, જેમાં સત્રના એજન્ડા અને ગૃહની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવશે.

ત્રણ દિવસીય આ ચોમાસુ સત્ર દરમિયાન સરકાર વિવિધ વિધેયકો અને અન્ય સરકારી કામકાજ ગૃહમાં રજૂ કરે તેવી શક્યતા છે. વિપક્ષ પણ રાજયના વિવિધ મુદ્દાઓને લઈને સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે તેવી રાજકીય વર્તુળોમાં ચર્ચા છે.

## ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો પ્રકોપઃ ૧૮૪ શંકાસ્પદ કેસમાંથી ૩૫ પોઝિટિવ, અત્યાર સુધીમાં ૨૨ બાળકોના મોત

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાતમાં ૧૫ વર્ષથી નાની વયના બાળકોમાં ચાંદીપુરા વાયરસના લક્ષણો જોવા મળતા આરોગ્ય વિભાગ દ્વારા તપાસ અને સારવાર સઘન બનાવાઈ છે. રાજ્યમાં ચાંદીપુરા વાયરસની વર્તમાન પરિસ્થિતિ અંગે માહિતી આપતા આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, 'સામે આવેલા તમામ શંકાસ્પદ કેસ ચાંદીપુરાના નથી. અત્યાર સુધીમાં કુલ ૧૮૪ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૩૫ કેસ પોઝિટિવ આવ્યા છે. જ્યારે ૧૧ સેમ્પલના ટેસ્ટ પરિણામો હજુ બાકી છે.'

નોંધાયેલા શંકાસ્પદ કેસોમાંથી અત્યાર સુધીમાં ૨૨ બાળકોના ચાંદીપુરા વાયરસના કારણે મોત નીપજ્યા છે. હાલમાં ૭ પોઝિટિવ દર્દીઓ રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે, જ્યારે ૬ દર્દીઓની તબિયતમાં સુધારો થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ગાંધીનગર, સાબરકાંઠા (હિંમતનગર), પાટણ, રાજકોટ અને ભાવનગરની સિવિલ હોસ્પિટલોમાં દાખલ બાળકોની સ્થિતિ પર તબીબો દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

વાયરસના કેસો કોઈ એક ચોક્કસ સ્થળે કે ગામ પૂરતા સીમિત ન રહીને વિવિધ વિસ્તારોમાંથી સામે આવી રહ્યા છે. જેને પગલે આરોગ્ય વિભાગ દ્વારા ગ્રાઉન્ડ લેવલે કામગીરી હાથ ધરવામાં આવી છે.

જેમાં માટી કે કાચા મકાનોની તિરાડો પૂરવા માટે નાગરિકોને સલાહ આપવામાં આવી છે. પશુપાલન ધરાવતા વિસ્તારોમાં જંતુનાશક દવાઓનો સઘન છંટકાવ શરૂ કરાયો

અનુ પાના નં.૨ પર

## વનરાજ તો વનરાજ છે! ટ્રેન થોભાવી દેવી પડી!!

### ગીરના જંગલમાં રેલના પાટા પર અચાનક આવી ચડ્યા પાંચ સિંહ



**સમય સંદેશઃ ગીર સોમનાથ**

ગીરના જંગલમાંથી પસાર થતી મીટર ગેજ રેલવે લાઈન પર ઘણી વાર સિંહો આવી જતા હોય છે, કેટલાક કિસ્સામાં સિંહો મોતને પણ ભેટતા હોય છે તો ક્યારેક ટ્રેન ડ્રાઈવરની સમયસૂચકતાને કારણે સિંહો બચી પણ જતા હોય છે વધુ એક વાર આવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગીર પૂર્વ વન વિભાગની છતડીયા બીટના જૂના છતડીયા ફાટક નજીક ૫ સિંહો ટ્રેક

અનુ પાના નં.૨ પર

## હોબાળા વચ્ચે બે મહત્વપૂર્ણ બિલો પસારઃ કેન્દ્રીય મંત્રી રિજિજુના વિપક્ષ પ્રહાર

### સુપ્રીમમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવા અને MSMEsને રાહત આપતા બિલો ચર્ચા વિના પસાર થતાં દિલ્હીના રાજકારણમાં ગરમાવો

**સમય સંદેશઃ નવીદિલ્હી**

સંસદના ચોમાસુ સત્ર દરમિયાન વિપક્ષી પક્ષોના તીવ્ર વિરોધ અને સતત હંગામા વચ્ચે બે અત્યંત મહત્વપૂર્ણ સુધારા વિધેયકો કોઈપણ વિગતવાર ચર્ચા વિના પસાર થઈ જતાં રાજકીય વાતાવરણ ગરમ થઈ ગયું છે. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, વિપક્ષ લોકશાહી ઢબે સદનમાં ચર્ચા કરવાને બદલે માત્ર હોબાળો મચાવી રહ્યો છે. તેમણે ગંભીર આરોપ લગાવ્યો કે કોંગ્રેસના સાંસદો પોતાનો સંયમ ખોઈ બેઠા છે અને તેમની પાસે સાચું માર્ગદર્શન આપનાર કોઈ નેતા બચ્યો નથી. લોકસભામાં 'સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા બિલ, ૨૦૨૬' પસાર કરવામાં આવ્યું, જયારે રાજયસભામાં 'MSME વિકાસ (સુધારા) બિલ, ૨૦૨૬' ને મંજૂરી આપવામાં આવી. સરકારનું કહેવું છે કે બંધારણના ઘડવૈયાઓએ સંસદને

અનુ પાના નં.૨ પર

### CJI સહિત ન્યાયાધીશોની કુલ સંખ્યા ૩૪ થી વધીને ૩૮ થઈ

દેશની સર્વોચ્ચ અદાલતમાં પડતર કેસોના ઝડપી નિકાલ અને ન્યાયપ્રણાલીને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી લોકસભામાં કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ દ્વારા રજૂ કરવામાં આવેલું 'સુપ્રીમ કોર્ટ સુધારા બિલ ૨૦૨૬' વિપક્ષી સાંસદોના ભારે હોબાળા અને સૂત્રોચ્ચાર વચ્ચે ધ્વનિ મતથી પસાર કરવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ વિધેયકના અમલીકરણ સાથે સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સહિત ન્યાયાધીશોની કુલ માન્ય સંખ્યા ૩૪ થી વધીને ૩૮ થઈ જશે. પીઠાસીન અધ્યક્ષની શાંતિ જાળવવાની વારંવારની અપીલ છતાં વિપક્ષના વિરોધ પ્રદર્શન વચ્ચે કોઈપણ વિગતવાર ચર્ચા વિના પસાર થયેલું આ બિલ મે મહિનામાં સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા વટહુકમને કાયમી કાનૂની સ્વરૂપ પૂરું પાડે છે, જે વર્ષ ૨૦૧૯ પછી ન્યાયાધીશોની સંખ્યામાં બીજો મોટો વધારો છે. ૧૯૫૬ માં માત્ર ૧૧ ન્યાયાધીશોની સંખ્યાથી શરૂ થયેલી આ સફરમાં વધતી વસ્તી અને વિવાદોના ભારને પહોંચી વળવા માટે લેવાયેલા આ નિર્ણયથી કરોડો નાગરિકોને સમયસર અને ઝડપી ન્યાય મેળવવામાં સુગમતા રહેશે.

## ખંભાળિયામાં ટાઢક પ્રસરાવતો ધીમીધારે ૦.૫ ઈંચ વરસાદ



**સમય સંદેશઃ ખંભાળિયા**

ચૈત્ર માસ બાદ ધોરીમાસ ગણાતો અષાઢ મહિનો અડધો કોરો ગયા બાદ રવિવારથી ખંભાળિયા પંથકમાં વરસાદી માહોલ છવાયો હતો અને રાત્રિથી ધીમીધારે અવિરત રીતે શરૂ થયેલો વરસાદ ખંભાળિયા અને ભાણવડમાં પોણો ઈંચ અને કલ્યાણપુરમાં અડધો ઇંચ વરસી જવા પામ્યો છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શુક્રવારથી વાતાવરણમાં પલટો આવ્યો હતો અને રવિવારે ચઢતા પહોરથી જુદા જુદા વિસ્તારોમાં ધીમીધારે અવિરત રીતે વરસાદ વરસ્યો હતો. આજે વહેલી સવારના આશરે ચારેક વાગ્યાથી સવારે ૧૦ વાગ્યા સુધીમાં ખંભાળિયા તાલુકામાં ૧૯ મી.મી. અને ભાણવડ તાલુકામાં પણ ૧૯

અનુ પાના નં.૨ પર

### આગામી આજથી બે દિવસ જામનગર અને દેવભૂમિ દ્વારકા સહિત રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાતમાં ઓગસ્ટ મહિનાની શરૂઆતે હવામાન વિભાગ દ્વારા રાજ્યના વિવિધ વિસ્તારો માટે વરસાદી સાર્વત્રિક આગાહી જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગના સત્તાવાર બુલેટિન અનુસાર, આજ તા.૪ અને ૫ ઓગસ્ટ દરમિયાન રાજ્યના દક્ષિણ, મધ્ય અને સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના અનેક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. વિશેષરૂપે સૌરાષ્ટ્ર અને

અનુ પાના નં.૨ પર

## જામનગરના કનસુમરા પાટિયા નજીક ટ્રકે બાઈકને અડફેટે લેતાં ચાલકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના કનસુમરા પાટિયા નજીક ગઈકાલે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક ઝડપભેર આવી રહેલા ટ્રક ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈકસવારનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. અકસ્માતની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..


# પોલીસ દમનની તપાસ !

ગણવેશધારી પોલીસ અધિકારીઓના વીડિયોમાં એક મહિલા પ્રદર્શનકારીને થપ્પડ મારતા અને એક યુવતીના ગુપ્ત ભાગો પર ડંડો મારવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. દિલ્હી પોલીસ ચહેરાની ઓળખ અને અન્ય દેખરેખ તકનીકોનો ઉપયોગ કરીને વિરોધ સ્થળ પરના પ્રદર્શનકારીઓને સક્રિય રીતે ટ્રેક કરી રહી છે, જેની કાયદેસરતા શંકાસ્પદ અને વિવાદાસ્પદ રહે છે. છતાં, તેણે જાહેર સભામાં એક યુવતી પર ખુલ્લેઆમ હુમલો કરતા જોવા મળેલા અધિકારીની ઓળખનો જવાબ આપ્યો નથી. દિલ્હી પોલીસને તેના કર્મચારીઓને ઓળખવા અને તેમને જવાબદાર ઠેરવવા માટે સોફ્ટવેર અથવા કોર્ટના હસ્તક્ષેપની જરૂર રહેશે નહીં. આ માટે તટસ્થતાના સિદ્ધાંતો અને કાયદાના શાસનનું કડક પાલન કરવાની જરૂર છે. છેલ્લા કેટલાક સમયથી કાયદા અમલીકરણ એજન્સીઓ ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે અભિવ્યક્તિની સ્વતંત્રતા વિરુદ્ધ એક સંયુક્ત ઝુંબેશ ચલાવી રહી છે, જે સરકારના ટીકાકારોને નિશાન બનાવે છે. પોલીસ ફક્ત બોલવા બદલ લોકો સામે કાર્યવાહી કરવામાં ઉતાવળ કરે છે. કેટલાક સામગ્રી નિર્માતાઓએ સરકારી અધિકારીઓ સામે અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો છે. જો આમાંના કોઈપણ મામલા માટે પોલીસ કાર્યવાહી જરૂરી હોય, તો લાગુ કાયદાનું સ્પષ્ટપણે વર્ણન કરવું જોઈએ અને યોગ્ય પ્રક્રિયાનું પારદર્શક રીતે પાલન કરવું જોઈએ. તેના બદલે, મનસ્વી પોલીસ કાર્યવાહીના અહેવાલો છે, જેનો હેતુ કાયદાના અમલીકરણ કરતાં વધુ ડરાવવાનો છે, જે વિરોધીઓ, તેમના પરિવારો અને કેટલાક કિસ્સાઓમાં, સોશિયલ મીડિયા પ્લેટફોર્મને પણ નિશાન બનાવે છે. વધુમાં, પોલીસ વિરોધીઓને ધમકી આપતી અને દુર્વ્યવહાર કરતી ઓનલાઈન ગેંગ સામે કાર્યવાહી કરવામાં ઉદાસીન દેખાય છે. દિલ્હી પોલીસનો દાવો છે કે ગુનેગારોએ વિરોધ પ્રદર્શનમાં ઘૂસણખોરી કરી હતી. હિંસામાં સામેલ લોકોની ઓળખ કરવી જોઈએ અને કાયદા અનુસાર સજા અપાવવી જોઈએ. પોલીસે તે પરિસ્થિતિઓ પણ સમજાવી નથી કે કયા સંજોગોમાં વિરોધીઓ પર પેલેટ ગન ચલાવવામાં આવી હતી. પોલીસ પ્રક્રિયાઓ સ્થાપિત નિયમો અને ધોરણોનું પાલન કરતી હોવી જોઈએ, અને કોઈપણ ઉલ્લંઘનનો કડક રીતે સામનો કરવો જોઈએ. કેન્દ્ર સરકાર અને અદાલતો બંને માટે મૂળભૂત બંધારણીય સિદ્ધાંત પર ભાર મૂકવાની આ એક તક છે. પોલીસ સહિત કોઈ પણ કાયદાથી ઉપર નથી.

## હાલારના હાલહવાલ








# દ્વારકામાં જન્માષ્ટમી પૂર્વે ડિમોલીશનઃ રૂક્ષ્મણી મંદિર હાથીગેટ રોડ ખુલ્લા થયા

## સરકારી જમીન પરના દબાણો ઉપર બુલડોઝર ફરી વળ્યાઃ વાહન ચાલકો અને પદયાત્રીઓને થશે રાહતઃ અન્ય માર્ગો ઉપર પણ તંત્ર ડિમોલીશન કરશે

**સમય સંદેશઃ દ્વારકા**

આગામી જન્માષ્ટમી મહોત્સવને ધ્યાનમાં રાખીને દ્વારકા વહીવટી તંત્ર દ્વારા શહેરમાં ગેરકાયદે દબાણો દૂર કરવાની ઝુંબેશ તેજ કરવામાં આવી છે. રવિવારે હાથી ગેટ તેમજ રૂક્ષ્મણી મંદિર તરફ જતાં મુખ્ય માર્ગ પર સરકારી જમીન પર ઉભા કરાયેલા દબાણો પર જેસીબી અને બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. જન્માષ્ટમીમાં દેશ-વિદેશથી આવતા લાખો શ્રદ્ધાળુઓની અવરજવર સરળ બને અને ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે હેતુથી આ આગોતરું આયોજન હાથ ધરાયું છે.

ઈન્ચાર્જ પ્રાંત અધિકારી હિમાંશુ ચૌહાણ, મામલતદાર અનિલ ભેડા અને પોલીસ કાફલાની ઉપસ્થિતિમાં ચુસ્ત બંદોબસ્ત વચ્ચે સમગ્ર ડિમોલેશન કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવી હતી. દબાણો દૂર થતાં જ આ મુખ્ય માર્ગો અવરજવર માટે સંપૂર્ણ ખુલ્લા કરવામાં આવ્યા હતા.



પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું કે જન્માષ્ટમી દ્વારકાનો સૌથી મોટો ઉત્સવ હોવાથી યાત્રાળુઓની સુવિધા અમારી પ્રથમ પ્રાથમિકતા છે. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે શહેરના અન્ય વિસ્તારોમાં પણ સરકારી જમીન પર થયેલા ગેરકાયદે કબજા સામે કોઈ પણ ઢીલ રાખ્યા વગર આ રીતે જ કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

# દ્વારકા નજીક ખાનગી કંપનીમાંથી ૬ લાખની કિંમતના ઈલક્ટ્રિક વાયરની ચોરીઃ ફરિયાદ

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા નજીક કુરંગા ગામ પાસે આવેલી આરએસપીએલ નામની કંપનીની અંદર આવેલા પ્રોજેક્ટના સ્ટોર રૂમમાંથી સમયાંતરે કોઈ તસ્કરો દ્વારા કિંમતી ઈલેક્ટ્રીક વાયરની ચોરી થયાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

આ પ્રકરણને અનુલક્ષીને મૂળ ઉત્તર પ્રદેશ રાજ્યના રહીશ અને હાલ દ્વારકા તાલુકાના કુરંગા ગામે રહેતા આ કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર વિજયસિંહ સિયારામ રાજપુતએ રૂ. ૬,૦૦,૦૦૦ ની કિંમતના ૫૦૦ મીટર જેટલા ઈલેક્ટ્રીક વાયરની ચોરી થવા સબબ દ્વારકા પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવી છે. જેને અનુલક્ષીને પોલીસે બીએનએસની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. પાયલબેન ડાંગર દ્વારા હાથ ધરવામાં આવી છે.

# દ્વારકા જીલ્લામાં ગેસની પાઈપલાઈન સંદર્ભે ચાલી રહેલા વિરોધમાં બાળકો પણ જોડાયા

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા જિલ્લાના આશરે ૨૯ જેટલા ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થતી GSPL કંપનીની ગેસ પાઈપ લાઈન નાખવાની કામગીરી સામે ખેડૂતોમાં ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. છેલ્લા પાંચ દિવસથી ખેડૂતો પોતાના ખેતરોમાં જ છાવણીઓ નાખીને આ કામગીરીનો સખત વિરોધ કરી રહ્યા છે અને અગાઉ આ અંગે તંત્રને આવેદનપત્ર પણ



પાઠવવામાં આવ્યું હતું. રવિવારે શાળામાં રજા હોવાથી ખેડૂતોના બાળકો પણ આ આંદોલનમાં પોતાના માતા-પિતા સાથે જોડાયા હતા. બાળકોએ હાથમાં ''દેશની શાન છે કિસાન'', ''ઉભા પાકમાં જેસીબી ચલાવવાનું બંધ કરો'' અને ''જાન આપીશું પણ જમીન નહીં આપીએ'' જેવા વિવિધ પ્લેકાર્ડ અને સ્લોગન સાથે નવતર રીતે પોતાનો રોષ પ્રદર્શિત કર્યો હતો.

# ખંભાળિયા, કલ્યાણપુર અને ભાણવડમાંથી ૧૪ જુગારીઓ ઝડપાયા

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાથી આશરે ૧૮ કિલોમીટર દૂર પીર લાખાસર ગામેથી પોલીસે ગતસાંજે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા દોસમામદ સીદીભાઈ સુમરા, ઓસમાણ હબીબ સુમરા અને જુસબ મામદ દેથા નામના ત્રણ શખ્સોને ઝડપી લઈ, રૂ. ૧૦,૩૩૦ ની રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૫૦,૩૩૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ દરોડા દરમિયાન સદ્દામ ઓસમાણ ગજણ નામનો શખ્સ ફરાર થઈ ગયો હતો.

એલસીબી પોલીસે કલ્યાણપુરથી આશરે ૨૦ કિલોમીટર દૂર ભોપલકા ગામની સીમ વિસ્તારમાંથી જાહેરમાં તીનપત્તી નામનો જુગાર રમી રહેલા મનહરસિંહ મંગળસિંહ જાડેજા, ચતુરસિંહ બાલુભા જાડેજા, વેલુભા હરીસિંહ જાડેજા, ભરત રામશી વરવારીયા, ઘેલુ ડેરાજ થારૂ, દોલુભા ઉર્ફે બાબુભા સુખભા જાડેજા અને બહાદુરસિંહ દાજીભા જાડેજા નામના સાત શખ્સોને ઝડપી લઈ, રૂ. ૨૩,૫૦૦ ની રોકડ રકમ તથા રૂપિયા ૧૧,૫૦૦ ની કિંમતના પાંચ મોબાઈલ ફોન અને રૂપિયા એક લાખની કિંમતના ચાર મોટરસાયકલ મળી, કુલ રૂ. ૧,૩૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

ભાણવડ પોલીસની કાર્યવાહીમાં હોસ્પિટલ ચોક પાસેથી મોડી રાત્રિના સમયે એક મંદિર પાસે લાઈટના અજવાળે તીનપત્તી નામનો જુગાર રમતા કરણ હરેશભાઈ સોલંકી, શૈલેષ મગનભાઈ પરમાર, નટુ કમાભાઈ સોલંકી અને ઉદય પ્રફુલભાઈ સોલંકી નામના ચાર શખ્સોને ઝડપી લઈ, રૂ. ૧૦,૪૫૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

# ખંભાળિયા, દ્વારકા તાલુકામાં સાત સ્થળોએ જુગાર દરોડામાં ૧૭ જુગારીઓ ઝડપાયા

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયામાં રાવલ પાડો વિસ્તારમાંથી પોલીસે મધ્ય રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા સુનિલ જેન્તીભાઈ સોઢા, અમિત જેન્તીભાઈ સોઢા અને રોહિત જેન્તીભાઈ સોઢાને રૂ. ૬,૧૫૦ ના મુદ્દામાલ સાથે જ્યારે અહીંના કંચનપુર ગામેથી રૂખડ પ્રેમજી ડાભી અને સંજય તેરશીભાઈ બારીયાને ગંજીપાના વડે જુગાર રમતા રૂ. ૮૧૦ ની રકમ સાથે ઝડપી લીધા હતા. ખંભાળિયાના ધીરજ ઉર્ફે ગબ્બર નાનજીભાઈ પાંઉને પોલીસે વરલી મટકાનો જુગાર રમતા તેમજ અહીંના સંજયનગર વિસ્તારમાંથી મુકેશ લાખા ગામી અને રાણા પાલા માતંગને એકી-બેકીનો જુગાર રમતા ઝડપી લેવામાં આવ્યા છે.

મીઠાપુર પોલીસે સુરજકરાડી વિસ્તારમાં એક મંદિરની બાજુમાં બેસીને તીનપત્તી નામનો જુગાર રમતા સલીમ ઈશાક ચંગડા, દિલીપ પેથા ચાનપા, એલિયાસ મામદ સીદી, સુંદરબેન રાજેશ બઠીયા, નસીમબેન ભરતભાઈ પાબારી નામના પાંચ વ્યક્તિઓને રૂ. ૧૨,૫૦૦ ની રોકડ રકમ મોબાઈલ તથા મોટરસાયકલ મળી, કુલ રૂ. ૪૮,૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે. દ્વારકા પોલીસે રૂપેણ બંદર વિસ્તારમાંથી નવસાદ કાબિલ ઈસબાણી અને મહેશ મધુભાઈ ચુડાસમાને ચલણી નોટોના નંબર ઉપર એકી-બેકીનો જુગાર રમતા ઝડપી લીધા હતા. અન્ય એક કાર્યવાહીમાં દ્વારકાના ગોપાલ ગરેડા પાસેથી સાહિલ કારા સનીયારા અને વાલજી ઉર્ફે અર્જુન કારા સનીયારાને પોલીસે ચલણી નોટોના નંબર ઉપર એકી-બેકીનો જુગાર રમતા ઝડપી લીધા હતા.

# દ્વારકા દર્શન કરી પરત ફરતી જૂનાગઢની મહિલાને ઝાંખર પાસે નડયો અકસ્માત

**સમય સંદેશઃ દ્વારકા**

જુનાગઢના શિવાનીનગર જોષીપરા વિસ્તારમાં રહેતા અમીબેન સાવલીયા અને તેમના પતિ મેહુલભાઇ તા. ૧૧ જુલાઇના રોજ દ્વારકા દર્શન કરી પોતાની કાર લઇને રાજકોટ જઇ રહ્યા હતા. જે બપોર બાદ ઝાખર ગામના પાટિયા નજીક પહોંચ્યા ત્યારે આગળ જતા હાઇડ્રા ક્રેઇનના ચાલકે એકાએક પોતાનું વાહન ઊભું રાખી દેતા કાર ક્રેઇન પાછળ ઘૂસી જતા અકસ્માત સર્જાયો હતો. અમીબેનનું મોઢુ કારના બોનેટમાં ભટકાયા બાદ કારનો આગળનો કાચ તુટી જતા મોઢાના ભાગે કાચ લાગતાં અને નાકમાં ઇજા થઇ હતી. તથા હોઠ ઉપર ચાર ટાકા લેવા પડ્યા હતા અને ફ્રેક્ચરને લઇ ઓપરેશન કરી હાથમાં સળીયો નાખવાની નોબત આવી હતી. જ્યારે કાર ચાલક મેહુલભાઇને પણ પાસળામાં ફ્રેક્ચર થતાં અમીબેનની ફરિયાદના આધારે આરોપી ક્રેઇન ચાલક સામે મેઘપર પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

# ખંભાળિયાઃ સર્પદંશ થતા યુવાનનું મૃત્યુ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના સોડસલા ગામે રહેતા ખીમાભાઈ લાખાભાઈ ટોયટા નામના ૩૬ વર્ષના ભરવાડ યુવાન ગત તા. ૨૯ મી ના રોજ તેમના રહેણાંક મકાને પોતાના માલઢોરને ઘાસચારો નાખી રહ્યા હતા, તે દરમિયાન ઝેરી સર્પે તેમને દંશ દેતા તેમને ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ રૂડાભાઈ લાખાભાઈ ટોયટાએ સલાયા મરીન પોલીસને કરી છે.

# પોરબંદરના સતાર મૌલાના સામે આવેદન



**સમય સંદેશઃ જામનગર**

જામનગરના સુન્ની સૈયદ જમાત દ્વારા પોરબંદરના મૌલાના અબ્દુલ સતાર હામદાણી ઉર્ફે સતાર મૌલાના સામે ધાર્મિક લાગણી દુભાવવા અને સાંપ્રદાયિક સોહાર્દ બગાડવાનો આક્ષેપ કરી એ-ડિવિઝન પોલીસમાં ફરિયાદ આપવામાં આવી છે. ફરિયાદમાં સંબંધિત વ્યક્તિ સામે બી.એન.એસ.ની યોગ્ય કલમો હેઠળ ગુનો નોંધવાની માંગ કરવામાં આવી છે. પોલીસે અરજીના આધારે તપાસ શરૂ કરી છે.



# મનપામાં કોંગ્રેસના નેતા તરીકે નિમણૂંક

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૨માંથી કોર્પોરેટર તરીકે ચુંટાયેલા સહારાબેન મકાવણાને કોંગ્રેસ પક્ષ દ્વારા મ.ન.પા.ના પક્ષના નેતા તરીકે નિમણુંક આપવામાં આવી છે.

## અનુસંધાન

### કાલાવડના છતર

(પાના નં. ૪ થી આગળ)

પંચાયતના સભ્ય જીવુભાઈ અજુડીયા સહિત અશ્વિનભાઈ, વિશાલભાઈ તથા અન્ય યુવાનો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. ઈજાગ્રસ્તોને પ્રાથમીક મદદ આપી સારવાર માટે તરત જ કાલાવડ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે થોડા સમય માટે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

### ડેન્ટલ કોલેજના

(પાના નં. ૪ થી આગળ)

તેની નકલ ગાંધીનગરના આરોગ્ય સચિવ તેમજ ગૃહ વિભાગના ઉપ સચિવને મોકલી આપવા અદાલતે આદેશ કર્યો છે.

### માલધારી સમાજનું

(પાના નં. ૩ થી આગળ)

સમાજ ના સમાજના અનેક વડીલો,દરેક ગામના મતવા માલધારી સમાજ ના પ્રમુખો અને આગેવાનો અને યુવાનોએ હાજરી આપી હતી અને આયોજકોના સુંદર આયોજનને બિરદાવ્યું હતું.

### પવનચક્કી સર્કલ

(પાના નં. ૩ થી આગળ)

છે. અને ટ્રાફિક સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં નહીં આવે નો ભવિષ્યમાં મોટા ભંગાણ થી પાણીનો ભગાડ અને રસ્તા ની સમસ્યાઓ યથાવત રહેશે.તંત્ર દ્વારા પાઇપલાઇનની સર્વે કરી તે મુજબ બનાવવાની જરૂરિયાત જણાઈ રહી છે.

### ભાજપે ગઢ

(પાના નં. ૧ થી આગળ)

આ બેઠક પર કોંગ્રેસે પૂર્વ ધારાસભ્ય કુંવર ઘનશ્યામ સિંહ પર ભરોસો મૂક્યો હતો. કુંવર ઘનશ્યામ સિંહે ભાજપના ઉમેદવાર આશુતોષ તિવારીને હરાવીને કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો વિષય બનેલી આ બેઠક બચાવી લીધી છે. આ પરિણામોથી બુંદેલખંડ સહિત સમગ્ર રાજ્યના રાજકીય સમીકરણોમાં નવો વળાંક આવ્યો છે અને કોંગ્રેસ કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જ્યારે ગુજરાતના વડોદરા જિલ્લાની માંજલપુર વિધાનસભા બેઠક પર ભાજપે પોતાનો દબદબો યથાવત રાખ્યો છે. યોજાયેલી મતગણતરીના ૨૦ રાઉન્ડના અંતે ભાજપના ઉમેદવાર સતેન્દ્રભાઈ પટેલ ઉર્ફે સતીશ પટેલે પક્ષની ભવ્ય જીત નોંધાવી છે. સતીશ પટેલને કુલ ૫૫,૪૮૧ મત મળ્યા હતા અને તેમણે કોંગ્રેસના ઉમેદવાર ભિખા રબારી (૨૪,૮૫૧ મત) ને ૩૦,૬૩૦ મતોના જંગી અંતરથી પરાજિત કર્યા હતા. ભવ્ય વિજય બાદ સતીશ પટેલે આ સફળતાનો શ્રેય માંજલપુરની જનતા અને સ્વર્ગસ્થ યોગેશ કાકા પ્રત્યેના લોકવિશ્વાસને આપ્યો હતો.

### આરએસએસ વડા

(પાના નં. ૧ થી આગળ)

યુવાનોની ભૂમિકા'' રાખવામાં આવી છે. I.I.M.U.N. ના સ્થાપક ઋષભ શાહે જણાવ્યું હતું કે, નેતૃત્વ એટલે માત્ર આગામી પેઢીને માર્ગદર્શન આપવું જ નહીં પરંતુ તેમની વાત ધ્યાનથી સાંભળવી પણ એટલી જ જરૂરી છે. તેમણે ઉમેર્યું કે ભારત માટે આ નિર્ણાયક તબક્કે RSS વડાનું યુવાનો સાથેનું આ સંબોધન વૈશ્વિક મંચ પર ભારતની છબી અને યુવા શક્તિની ભૂમિકાને નવો આકાર આપશે.

૨૦૧૧ માં સ્થાપિત I.I.M.U.N. આજે ભારતના ૨૭૫ શહેરો અને ૪૦ દેશોમાં વિસ્તરેલું એક વિશાળ જાહેર પ્લેટફોર્મ બની ચૂક્યું છે, જેણે અત્યાર સુધીમાં ૭.૫ કરોડથી વધુ યુવાનોને જોડ્યા છે. આ સંસ્થાના સલાહકાર બોર્ડમાં અજય પિરામલ, શશી થરૂર, કરણ જોહર અને ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ જેવી મહાન હસ્તીઓ સામેલ છે. ૬ ઓગસ્ટના રોજ યોજાનારા આ કાર્યક્રમમાં મોહન ભાગવતનું સંબોધન માત્ર ભારતીય સંસ્કૃતિ અને વૈશ્વિક એકતા પર જ ધ્યાન કેન્દ્રિત કરશે નહીં, પરંતુ સંઘની આગામી પેઢીને રાષ્ટ્રનિર્માણમાં સક્રિયપણે જોડવાની દૂરંદેશી યોજનાનો પણ એક મહત્વનો ભાગ સાબિત થશે.

### ૨૨ બાળકોના મોત

(પાના નં. ૧ થી આગળ)

છે. તમામ સરકારી અને ખાનગી ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલોને લક્ષણો ધરાવતા દર્દીઓને તાત્કાલિક ઓક્સિજન અને વેન્ટિલેટર સુવિધા ધરાવતા ઈઈજ બેડમાં દાખલ કરવા સૂચના અપાઈ છે, જેથી 'મલ્ટિપલ ઓર્ગન ફેલ્યોર' જેવી ગંભીર સ્થિતિ અટકાવી શકાય.

### મહત્વપૂર્ણ બિલો પસાર

(પાના નં. ૧ થી આગળ)

ન્યાયાધીશોની સંખ્યા નક્કી કરવાનો અધિકાર આપ્યો છે અને ન્યાયતંત્રમાં પેન્ડિંગ કેસોના ત્વરિત નિકાલ માટે આ સુધારો અત્યંત જરૂરી હતો. આ ઉપરાંત, નાના ઉદ્યોગો ને સમયસર ચુકવણી સુનિશ્ચિત કરવા અને તેમના રોકડ પ્રવાહને મજબૂત બનાવવા માટે બીજું બિલ લાવવામાં આવ્યું હતું. જોકે, ગૃહમાં વિપક્ષના સૂત્રોચ્ચારને કારણે આ બંને જનહિતના બિલો પર અર્થપૂર્ણ ચર્ચા શક્ય બની શકી નહોતી.

બીજી તરફ, આઝાદ સમાજ પાર્ટીના સાંસદ ચંદ્રશેખર આઝાદ સહિતના અન્ય નેતાઓએ પણ બિલ પસાર કરવાની પ્રક્રિયા સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે તેઓ ન્યાયાધીશોની સંખ્યા વધારવાના પગલાંનું સમર્થન કરે છે, પરંતુ ઓલ ઈન્ડિયા જ્યુડિશિયલ સર્વિસની રચના અને ઉચ્ચ ન્યાયિક સેવામાં SC, ST અને OBC શ્રેણીઓના પ્રતિનિધિત્વ જેવા મહત્વના પ્રશ્નો પૂછવા માંગતા હતા. વિપક્ષી સાંસદોના સતત હંગામા અને સરકારની ઝડપી પ્રક્રિયાને કારણે સંસદના ચોમાસુ સત્રમાં સતત ચોથા દિવસે પણ સામાન્ય કામગીરી ખોરવાયેલી રહી હતી.

### વનરાજ તો વનરાજ

(પાના નં. ૧ થી આગળ)

પર ચડી આવતાં સંભવિત અકસ્માતની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં RFOના માર્ગદર્શન હેઠળ વનવિભાગની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને વનમિત્ર અને રેલમિત્રની ટીમે સતત દેખરેખ રાખી સિંહોને સલામત ઠેકાણે ખસેડી દીધા હતા.

ડ્રાઈવરને જ્યારે લાગ્યું કે આગળ પાટા પર સિંહ આવ્યાં છે ત્યારે તેમણે સાવચેતીના પગલારુપે થોડે દૂર ટ્રેનને થોભાવી દીધી હતી અને પહેલા ૫ સિંહોને જવા દીધા હતા અને ત્યાર બાદ ટ્રેન ઉપાડી હતી. વનવિભાગ અને રેલવે ટીમની સતર્કતા તેમજ સંકલનને કારણે રેલવે ટ્રાફિક સુરક્ષિત રહ્યો અને મોટો અકસ્માત ટળ્યો હતો.

### વરસાદની શક્યતા

(પાના નં. ૧ થી આગળ)

દરિયાકાંઠાના વિસ્તારોની વાત કરીએ તો, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના છૂટાછવાયા સ્થળો પર ૪-૫ ઓગસ્ટ દરમિયાન હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડી શકે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ તથા દીવ અને કચ્છમાં પણ કેટલાક સ્થળોએ વરસાદી માહોલ જળવાઈ રહેવાની શક્યતા છે.

અન્ય વિસ્તારોમાં મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ અને દમણ-દાદરા નગર હવેલીના કેટલાક સ્થળોએ તેમજ વાવ થરાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, ખેડા અને આણંદ જિલ્લામાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

### ખંભાળિયામાં ટાઢક

(પાના નં. ૧ થી આગળ)

મી.મી. તથા કલ્યાણપુર તાલુકામાં ૧૧ મી.મી. વરસાદ પડી જવા પામ્યો છે. અવિરત રીતે ધીમીધારે વરસતા વરસાદી છાંટાથી ખેતરોમાં વાવવામાં આવેલા વિવિધ પાકને નોંધપાત્ર લાભ થનાર છે. આ સાથે અતૃપ્ત ધરાને પણ આ હળવા વરસાદથી નોંધપાત્ર ફાયદો થશે. ત્યારે હવે મેઘરાજા રૂસણા છોડી અને ધોધમાર વરસે તેમ સૌ કોઈ રહ્યા છે. આ સાથે ખંભાળિયા સહિતના જિલ્લાના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોમાં પણ હળવા તેમજ ભારે ઝાપટા વરસ્યા છે.

### બાઈકને અડફેટે લેતાં

(પાના નં. ૧ થી આગળ)


હતા અને પોલીસને જાણ કરી હતી. બનાવની માહિતી મળતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહનો કબ્જો મેળવીને કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી હતી. હાલ પોલીસે મૃતકની ઓળખ છતી કરવા તેમજ અકસ્માત સર્જાવાના ચોક્કસ કારણો જાણવા અંગેની ગહન તપાસ ચાલુ કરી છે, વધુ વિગતો મેળવાઈ રહી છે.

# ખંભાળિયામાં પિતા-પુત્રને માર પડ્યો

ખંભાળિયાના વાયેકેજીએન સોસાયટી વિસ્તારમાં મિરાજ પાર્ક ખાતે રહેતા મોહમદ કાદરભાઈ રીંડાણી નામના ૨૨ વર્ષના યુવાન તથા તેમના પિતા સાથે આ જ વિસ્તારમાં રહેતા સરીફ સફિયા નામના શખ્સએ ગટરના પાણી બાબતે ઝઘડો કરી, લોખંડના પાઈપ વડે માર મારી, ઈજાઓ કર્યાની તથા બિભત્સ ગાળો ભાંડી, ઢીકાપાટુનો માર માર્યાની ફરિયાદ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

## જન્મદિન શુભેચ્છા

# જામનગરના યુવા પત્રકાર સૈયદ જૈનુંલબાપુનો ૩૦મો જનક્ષમદિવસ



જામનગરમાં ૪ ઓગસ્ટ ૧૯૯૬ના રોજ જન્મેલા અને હરિયા કોલેજમાંથી ગ્રેજ્યુએટ થયેલા પત્રકાર સૈયદ જૈનુંલબાપુ આજે જીવનના ૩૦ વર્ષ પૂર્ણ કરી નવા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. પોતાની જન્મભૂમિ અને કર્મભૂમિ સાથે સતત જોડાયેલા રહીને 'જામનગર ઉદય દૈનિક'ના પત્રકાર તરીકે તેમણે પોતાની આગવી લેખનશૈલી, તથ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સાલસ સ્વભાવથી ટૂંકા સમયમાં મોટું મિત્રવર્તુળ અને પ્રેરણાદાયી ઓળખ બનાવી છે. ડાયનેમિક ઉર્જા ધરાવતા જૈનુંલબાપુને તેમના ૩૦મા જન્મદિવસ નિમિત્તે પરિવાર, સ્નેહીઓ અને પત્રકાર મિત્રો દ્વારા મો. ૯૮૧૭૯૨૯૨૯૨ પર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે, ત્યારે 'સમય સંદેશ' દૈનિક પરિવાર પણ તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવે છે.

# જામનગરમાં ઓપન ગુજરાત ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ સંપન્નઃ ૬૨૩ ખેલાડીઓએ લીધો ભાગ







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

નગર જિલ્લા ટેબલ ટેનિસ એસોસિએશન દ્વારા ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશનના માર્ગદર્શન હેઠળ આયોજિત ત્રીજી મેજર રેંકિંગ ઓપન ગુજરાત ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ભવ્ય અને સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. તા. ૩૧ જુલાઈથી ૨ ઓગસ્ટ, દરમિયાન જેએમસી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, જામનગર ખાતે યોજાયેલી આ પ્રતિષ્ઠિત રાજ્ય કક્ષાની ટુર્નામેન્ટમાં સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા ૬૨૩ ખેલાડીઓએ રાજ્યના ટોચના ખિતાબ માટે ઉચ્ચ કક્ષાની રમતનું પ્રદર્શન કર્યું. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓની રમત, શિસ્ત અને સ્પર્ધાત્મકતાએ રમતપ્રેમીઓને મંત્રમુગ્ધ કર્યા. ટુર્નામેન્ટના વિજેતાઓને કુલ રૂ. ૨.૮૪ લાખના રોકડ ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા, જે રાજ્ય કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધાઓમાં નોંધપાત્ર પ્રોત્સાહનરૂપ બન્યા છે. મ્યુ.ની ડેપ્યુટી કમિશનર ઝાલા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેનભાઇ મોનાણી, મેયર મોનિકાબેન વ્યાસ તથા ડેપ્યુટી મેયરએ હાજરી આપી હતી. તથા સમાપન સમારોહમાં મૂકેશભાઇ દાસાણી તથા જામનગરના મહાનુભાવોએ વિજેતા ખેલાડીઓને ઇનામો અર્પણ કરી તેમની સિદ્ધિઓને બિરદાવી હતી. આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે મુખ્ય પ્રાયોજક હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ) ચેરિટેબલ ટ્રસ્ટ તથા કેદાર લાલ (કેદાર જીતુભાઈલાલ) ફાઉન્ડેશન, જામનગર દ્વારા ઉદાર આર્થિક સહયોગ આપવામાં આવ્યો હતો. તેમના અમૂલ્ય સહકારને કારણે રાજ્યના ટોચના ખેલાડીઓને જામનગરમાં એક જ મંચ પર રમવાની ઉત્તમ તક મળી અને શહેરમાં આટલી વિશાળ કક્ષાની રાજ્ય રેન્કિંગ ટુર્નામેન્ટનું સફળ આયોજન શક્ય બન્યું. જામનગર જિલ્લા ટેબલ ટેનિસ એસોસિએશન દ્વારા બંને સંસ્થાઓ પ્રત્યે દયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. આ સમગ્ર ટુર્નામેન્ટનું સફળ આયોજન જામનગર જિલ્લા ટેબલ ટેનિસ એસોસિએશનની કાર્યકારી સમિતિના પ્રમુખ જયેશભાઈ શાહના નેતૃત્વમાં કર્યું હતું. આ પ્રસંગે સચિવ પ્રકાશભાઈ નંદા, ઉપપ્રમુખ કેતનભાઈ કનખરા, સંયુક્ત સચિવ ઉર્મિલભાઈ શાહ, ખજાનચી કમલેશભાઈ પરમાર, મીડિયા કન્વીનર ઉદયભાઈ કટારમલ, તેમજ કાર્યકારી સમિતિના સભ્યો અવિનાશભાઈ પંડ્યા, કશ્યપભાઈ મહેતા, દિનેશભાઈ કનખરા અને વિનોદભાઈ સિહોરાએ સમગ્ર આયોજનને સફળ બનાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. જામનગર જિલ્લા ટેબલ ટેનિસ એસોસિએશન દ્વારા ટુર્નામેન્ટને સફળ બનાવવા બદલ તમામ ખેલાડીઓ, કોચ, વાલીઓ, મેચ અધિકારીઓ, સ્પોન્સર્સ, સ્વયંસેવકો, મીડિયા પ્રતિનિધિઓ અને રમતપ્રેમીઓનો દયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો તથા ભવિષ્યમાં પણ આવી વધુ ઉચ્ચ કક્ષાની રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની ટેબલ ટેનિસ સ્પર્ધાઓનું આયોજન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

**પ્રાસંગિક**

## સુરોના સમ્રાટ કિશોર કુમારની જન્મજયંતિ આજે... આજે પણ કરોડો દિલોમાં જીવંત છે તેમનો સુરીલો અવાજ



ભારતીય સિનેમા અને સંગીત જગતના સર્વકાલીન મહાન ગાયક, અભિનેતા, સંગીતકાર, નિર્માતા અને દિગ્દર્શક કિશોર કુમારની આજે જન્મજયંતિ છે. ૪ ઓગસ્ટ, ૧૯૨૯ના રોજ મધ્યપ્રદેશના ખંડવામાં આભાસ કુમાર ગાંગુલી તરીકે જન્મેલા કિશોર કુમારે પોતાના અસાધારણ અવાજ અને બહુમુખી પ્રતિભાથી ભારતીય ફિલ્મસંગીતને નવી ઓળખ આપી હતી.

કિશોર કુમાર માત્ર એક ગાયક નહોતા, પરંતુ તેઓ એક એવા કલાકાર હતા જેમણે અભિનય, સંગીત નિર્દેશન, નિર્માણ, દિગ્દર્શન અને લેખન જેવા અનેક ક્ષેત્રોમાં પોતાની આગવી છાપ છોડી હતી. તેમની યોડલિંગ શૈલી અને ભાવનાત્મક ગાયકી આજે પણ સંગીતપ્રેમીઓ માટે પ્રેરણાસ્ત્રોત છે. તેમણે હિન્દી ઉપરાંત બંગાળી, ગુજરાતી, મરાઠી, કન્નડ, આસામી, મલયાલમ, ઉર્દૂ સહિત અનેક ભાષાઓમાં હજારો ગીતો ગાયા હતા.

રાજેશ ખન્ના, દેવ આનંદ, અમિતાભ બચ્ચન સહિત અનેક સુપરસ્ટાર્સના પડદા પરના વ્યક્તિત્વને કિશોર કુમારના અવાજે અમર બનાવી દીધા. ''રૂપ તેરા મસ્તાના'', ''મેરે સપનો કી રાની'', ''પલ પલ દિલ કે પાસ'', ''ઓ મારા દિલ કે ચૈન'', ''ઝિંદગી એક સફર છે સુહાના'' અને ''એક લડકી ભીગી ભાગી સી'' જેવા અનેક સુપરહિટ ગીતો આજે પણ એટલાં જ લોકપ્રિય છે. કિશોર કુમારે શ્રેષ્ઠ પુરુષ તરીકે સૌથી વધુ ૮ ફિલ્મફેર એવોર્ડ જીતવાનો રેકોર્ડ પોતાના નામે નોંધાવ્યો હતો. ભારતીય ફિલ્મસંગીતમાં તેમના અવિસ્મરણીય યોગદાનને માન આપી મધ્યપ્રદેશ સરકાર દ્વારા તેમના નામે ''કિશોર કુમાર એવોર્ડ'' પણ શરૂ કરવામાં આવ્યો છે. તેમના જન્મદિવસ નિમિત્તે દેશભરમાં સંગીતરસિકો અને ચાહકો દ્વારા તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. મધ્યપ્રદેશના ખંડવામાં આવેલા તેમના સ્મારક પર વિશેષ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જ્યાં તેમના અમર ગીતો ગાઈને તેમને યાદ કરવામાં આવી રહ્યા છે.

સંગીતના બદલાતા સમય છતાં કિશોર કુમારનો અવાજ આજે પણ એટલો જ તાજો, એટલો જ લોકપ્રિય અને એટલો જ અમર છે. ભારતીય સંગીતના આ અવિસ્મરણીય દિગ્ગજને તેમની જન્મજયંતિ પર શત શત નમન.

**આલેખનઃ ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ**

## પીએમ ઇ-સિટી બસ યોજના હેઠળ જામનગર મહાનગરપાલિકાને મળી વધુ ૨૫ એસી બસ

### અગાઉ મળેલી ૨૫ ઇ-સિટી બસ ૭ રૂટ ઉપર દોડે છે : નવી બસ આવતા વધુ સાત રૂટનો થશે વધારોઃ નગર સીમના ગામોને નવા રૂટમાં આવરી લેવાનું આયોજન

**સમય સંદેશઃ જામનગર**

વિસ્તરતા જતા જામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના મુસાફરો માટે મહાનગરપાલિકા દ્વારા પીએમ ઈ-બસ સેવા અંતર્ગત મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અઈ બસોની સંખ્યા ૫૦ થઈ: ૧૬ જૂનથી શરૂ થયેલી ૨૫ એસી બસો બાદ કેન્દ્ર સરકાર દ્વારા વધુ ૨૫ નવી બસો મળી જતાં શહેરમાં કુલ ૫૦ AC ઈ-બસ સેવારત થશે. નવા ૭ રૂટ ઉમેરાશે. અગાઉના ૫ રૂટમાં વધુ ૭ રૂટનો ઉમેરો કરીને શહેરના ૧૦ થી ૧૫ કિલોમીટરના પરિઘમાં આવતા ગામોને સાંકળી લેવાશે (જેની સત્તાવાર જાહેરાત ૨-૪ દિવસમાં થશે). GIDC ફેઝ-૨ અને ૩ નજીક દરેડ, મસીતીયા અને કનસુમરા, ખંભાળીયા હાઈ-વે પર નાઘેડી અને લાખાબાવળ, રાજકોટ રોડ પર અલીયાબાડા સુધી સેવા લંબાવાશે. ૨૨૨ બસ સ્ટોપ પર બોર્ડ: મુસાફરોની સુવિધા માટે નિર્ધારિત ૨૨૨ બસ સ્ટોપ પર રૂટની વિગતો દર્શાવતા પાટીયા લગાવવાની ૫૦% કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. લોકાર્પણ કાર્યક્રમ મુલતવી: નવી ૨૫ બસોનું લોકાર્પણ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી ભારે વરસાદની ચેતવણી અને આગાહીના કારણે હાલ પૂરતું મુલતવી રાખવામાં આવ્યું છે.

## જામનગરમાં દિકરીને ગાળો આપનારને ટપારનાર વૃદ્ધા ઉપર કરાયો હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના લાલપુર બાયપાસ નજીક આવેલી એક સોસાયટીમાં દીકરીને ગાળો આપતા શખ્સોને સમજાવવા જતા પાડોશી શખ્સે છત પરથી છુટ્ટો પથ્થરનો ઘા ઝીંકી વૃદ્ધાનું માથું ફોડી નાખ્યું હતું, જેને ૧૭ ટાંકાની ઇજા થતાં બે આરોપીઓ સામે ગુનો નોંધાયો છે.

લાલપુર બાયપાસ પાસે આવેલા કુબેર પાર્ક ૧/૨ ની આગળ બુધ્ધનગરમાં રહેતા લક્ષ્મીબેન હરીશભાઇ સાગઠીયા નામના વૃદ્ધાએ પોતાના પાડોશી એવા આરોપી મનસુખ દેવશીભાઇ બગડા અને નીલેષ મનસુખભાઇ બગડા (રહે બન્ને.કુબેર પાર્ક ૧/૨ ની આગળ બુધ્ધનગર) સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર ફરિયાદીનો ભાણેજ સુજલ આરોપી મનસુખના દીકરા મેહુલ સાથે ફરતો હોય જે બાબતે ફરિયાદીની દીકરી કંકુબેન સાથે મેહુલને બોલાચાલી થઇ હતી.

આ બાબતનો ખાર રાખી આરોપી મનસુખે લક્ષ્મીબેન અને કંકુબેનને ગાળો આપી અને આરોપી નીલેષએ છત પરથી પથ્થરનો છુટ્ટો ઘા લક્ષ્મીબેનના માથામાં મારી માથું ફોડી નાખ્યું હતું. જેને સારવારમાં ૧૭ ટાંકા લેવા પડ્યા હતા.

## જામનગરના ગ્રીનસિટી વિસ્તારમાં પોણા લાખનો દારૂ ઝડપાયો ખંભાળિયામાં દારૂ સાથે બે ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં દારૂબંધીના દાવા વચ્ચે વધુ એક વખત દારૂનો જથ્થો ઝડપાયો છે. સ્થાનિક પોલીસે શહેરના સ્વામીનારાયણ નગર, ડ્રીમ સિટી વિસ્તારમાં મામા સાહેબના મંદિર પાસે આવેલા મકાનમાં દારૂની બાતમીના આધારે રેડ પાડી બાથરૂમમાં સંતાડેલો રૂા.૭૫ હજારની કિંમતની દારૂની નાની-મોટી ૧૩૧ બોટલનો જથ્થો જપ્ત કર્યો હતો.

સિટી બી ડિવિઝન પોલીસ મથકની સર્વેલન્સ સ્કવોડની ટીમે સ્વામીનારાયણ નગરમાં રહેતાં જુવાનસિંહ બહાદુરસિંહ વાળાના મકાનમાં તલાસી લઇ બાથરૂમમાં રહેલો રૂા.૪૬,૮૦૦ ની કિંમતની ૩૬ બોટલ અને રૂા.૨૮,૮૦૦ ની કિંમતના ૯૫ ચપલા દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. પોલીસે રૂા.૭૫,૬૦૦ ના મુદ્દામાલ સાથે જુવાનસિંહ બહાદુરસિંહ વાળાની અટકાયત કરી હતી. તપાસમાં તેમના પુત્ર દિવ્યરાજસિંહ વાળાની સંડોવણી સામે આવતા બન્ને સામે પ્રોહિબીશનની ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખંભાળિયામાં ખોડીયાર ચોક વિસ્તારમાં રહેતા લખમણ ઉર્ફે લખન બાલુભાઈ ચાસિયા નામના શખ્સના રહેણાંક મકાનમાંથી પોલીસે રૂ. ૧,૬૯૫ ની કિંમતની વિદેશી દારૂની ૩ બોટલ સાથે આરોપી લખમણ ઉર્ફે લખન ચાસિયા તથા પ્રવીણ ઉર્ફે પીન્ટુ ભીખુભાઈ ચોપડા નામના બે શખ્સોને ઝડપી લીધા હતા. આ પ્રકરણમાં જામનગર જિલ્લાના સીંગચ ગામના પ્રકાશ ઉર્ફે ભૂરો મેઘાભાઈ ઢચાનું નામ પણ ખુલવા પામ્યું છે.

## કાલાવડ નજીક મતવા ગામે મતવા ખુરેશી માલધારી સમાજનું મહા સંમેલન તથા માવડીયું માં સાહેબના ઉર્ષની ભવ્ય ઉજવણી

**સમય સંદેશઃ કાલાવડ**



જામનગર જિલ્લાના કાલાવડ નજીક આવેલ મતવા ગામ ખાતે મતવા ખુરેશી માલધારી સમાજના મહાન વલી માવડીયું માં સાહેબના પવિત્ર ઉર્ષ નિમિત્તે દરગાહ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય ધાર્મિક કાર્યક્રમ તેમજ સમાજનું મહાસંમેલન યોજાયું. કાર્યક્રમમાં સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં માલધારી સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ઉર્ષ નિમિત્તે મતવા મસ્જિદથી સમાજના આગેવાનોની આગેવાનીમાં ભવ્ય સંદલ શરીફનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંદાજે ૧૧૧ ચાદરો પેશ કરવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ ધાર્મિક શ્રદ્ધા અને ભક્તિમય માહોલથી ગુંજી ઉઠ્યું હતું. મહાસંમેલનમાં સમાજના આગેવાનોએ સમાજના સર્વાંગી વિકાસ માટે શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની હાકલ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, સમાજને શ્રેષ્ઠ અને પ્રગતિશીલ બનાવવો હોય તો નવી પેઢીને ઉચ્ચ શિક્ષણ તરફ પ્રોત્સાહિત કરવી સમયની સૌથી મોટી જરૂરિયાત છે. સાથે જ સમાજમાં એકતા, ભાઈચારો અને સંગઠન જાળવી રાખવા સૌને એક તાંતણે જોડાવાનું આહ્વાન કરવામાં આવ્યું હતું. ઉર્ષમાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓ અને મહેમાનો માટે દરગાહના પટાંગણમાં ભવ્ય નિયાઝ (લંગર)નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ પ્રસાદનો લાભ લીધો હતો.સમગ્ર કાર્યક્રમનું આયોજન સમસ્ત ખુરેશી મતવા માલધારી સમાજના પ્રમુખ હાજી અમીન હાજી મોહમદ મતવા તથા ઉપપ્રમુખ યુનુસભાઈ ઇબ્રાહિમભાઈ જિંદાણીના માર્ગદર્શન અને આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક સામાજિક અવસર ને સૌરાષ્ટ્ર મતવા માલધારી

અનુ પાના નં.૨ પર

## પવનચક્કી સર્કલમાં પાણીની લાઇનમાં વારંવાર ભંગાણથી રોડમાં ખોદકામ સર્જે છે મુશ્કેલી

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર શહેરના પવનચક્કીથી નાનકપુરી સુધીના વિસ્તારમાં છેલ્લા બે માસ દરમિયાન લગભગ ૬ જેટલી અલગ-અલગ જગ્યાઓએ ખોદાણ કરીને પાઈપલાઈન રિપેરિંગની કામગીરી કરવામાં આવી હતી. આટલી વારંવારની રિપેરિંગ પાઈપલાઈનની જર્જરિત સ્થિતિ દર્શાવે છે. પીવાના પાણીની પાઈપલાઈન ભંગાર થઈ ગઈ કામગીરી હોય તેવું સામે આવી રહ્યું છે.

તાજેતરમાં નાનકપુરીપાસે ફરી પાઈપલાઈનમાં લીકેજ થતા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ખોદાણ હાથ ધરવામાં આવ્યું હતું. સદનસીબે, તંત્ર દ્વારા એક જ દિવસમાં આ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી હતી. જોકે, વારંવાર થતા ખોદાણને કારણે રસ્તાઓની સ્થિતિ વ્યવસ્થામાં પણ અવરોધ ઉભો થાય છે. સ્થાનિક રહીશોમાં એવી ચર્ચા છે કે, જો આ બગડી રહી

અનુ પાના નં.૨ પર

## શ્રી ગુજરાત ભાવસાર સમાજના પ્રમુખ ગીરીશભાઇ ભાવસાર દ્વારા કુમાર-કન્યા છાત્રાલયની લિફ્ટ માટે ₹ ૧૧,૧૧,૧૧૧/- નું સરાહનીય દાન

**સમય સંદેશઃ અમદાવાદ**



શ્રી ગુજરાત ભાવસાર સમાજ દ્વારા સમાજના ઉત્થાન અને વિદ્યાર્થીઓના કલ્યાણ અર્થે વિવિધ સદકાર્યો સતત હાથ ધરવામાં આવી રહ્યા છે. આ ઉમદા પરંપરાને આગળ ધપાવતા, શ્રી ગુજરાત ભાવસાર સમાજના આદરણીય પ્રમુખ શ્રી ગીરીશભાઇ કે. ભાવસાર તરફથી સમાજના કુમાર-કન્યા છાત્રાલય ખાતે નવી લિફ્ટની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ₹૧૧,૧૧,૧૧૧/- (અંક અગિયાર લાખ અગિયાર હજાર એક સો અગિયાર રૂપિયા) ની માતબર રકમનું ઉદાર દાન અર્પણ કરવામાં આવ્યું છે. પ્રમુખશ્રીના આ વંદનીય યોગદાનથી છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને અવરજવર માટે ખૂબ મોટી રાહત અને સુવિધા મળી રહેશે.

શ્રી ગીરીશભાઇ ભાવસાર અને તેમના સમગ્ર પરિવારની આ સમાજસેવા તેમજ ઉદારતા બદલ સમગ્ર ગુજરાત ભાવસાર સમાજ, હોદ્દેદારો અને સંસ્થાના સભ્યો દ્વારા તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. સમાજ પ્રત્યેની તેમની નિષ્ઠા, વાત્સલ્ય અને સેવાભાવના અન્ય સભ્યો માટે પણ પ્રેરણારૂપ બની રહેશે. સમાજના અગ્રણીઓએ ગીરીશભાઇ તથા તેમના પરિવાર પર સ્નેહ અને આશીર્વાદ વરસાવતા તેમની ઉત્તરોત્તર પ્રગતિ અને સુખ-સમૃદ્ધિ માટે શુભેચ્છાઓ પાઠવી છે.

આ પ્રસંગે શ્રી ગુજરાત ભાવસાર સમાજ દ્વારા તમામ જ્ઞાતિજનોને સમાજના વિવિધ વિકાસલક્ષી અને સેવાકીય પ્રકલ્પોમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે. સંસ્થાના કન્યા/કુમાર છાત્રાલય અને આરોગ્યધામમાં દાન-ભેટ આપવા ઈચ્છુક સભ્યો માટે બેંક ઓફ બરોડા, નવાવાડજ શાખાના ખાતા નંબર ૭૨૫૦૦૧૦૦૦૦૩૬૨૩ (IFSC Code: BARB0DBNVAD) પર નાણાં જમા કરાવી શકાય છે. દાન જમા કરાવ્યા બાદ રસીદ મેળવવા માટે સભ્યનું પૂરું નામ, સરનામું, પાન કાર્ડ તથા રકમ જમા કરવાનો હેતુ શ્રી પંકજભાઈ ભાવસાર (૯૭૨૩૩૧૨૩૪૬), શ્રી દેવેન્દ્રભાઈ ભાવસાર (૯૯૭૯૮૪૭૩૮૩) અથવા તંત્રીશ્રીના મોબાઈલ નંબર (૯૮૭૫૧૯૮૫૦૨) પર વોટ્સએપ દ્વારા જાણ કરવા વિનંતી કરવામાં આવી છે.

## તલાટીઓ દ્વારા કામગીરીના બહિષ્કારને લીધે ગામડાના ખેડૂતો અને વિદ્યાર્થીઓને હાડમારી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પંચાયત હેઠળના ૪૨૧ ગામોમાં ફરજ બજાવતા ૨૭૩ તલાટી-કમ-મંત્રીઓએ ગત ૪ જુલાઈથી મહેસૂલી કામગીરીનો બહિષ્કાર કર્યો છે. ૨૭ દિવસથી ચાલી રહેલી આ હડતાળના કારણે ખેડૂતોને ૭/૧૨ અને ૮-અ ના ઉતારા, વારસાઈ નોંધ તેમજ વિદ્યાર્થીઓને જાતિના દાખલા મેળવવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે, જેનાથી ધિરાણ અને પ્રવેશ પ્રક્રિયા અટકી પડી છે.

જામનગર જિલ્લા તલાટી મંડળના પ્રમુખ પરેશભાઈ પારેગી અને મહામંત્રી ભારદ્વાજ સિંહ વાઘેલાએ કલેક્ટર અને ઉઉઘને આવેદન આપીને આ બહિષ્કારની જાણ કરી હતી. તલાટીઓનો મુખ્ય વિરોધ એ છે કે ચોક્કસ 'જોબ ચાર્ટ' ન હોવાને કારણે તેમના પર પંચાયત ઉપરાંત મહેસૂલ સહિતના અન્ય વિભાગોની ૫૨ જેટલી અસંગત કામગીરીઓનો સતત બોજો વધારવામાં આવે છે.

સરકાર દ્વારા આ પ્રશ્નના ઉકેલ માટે કમિટી રચવામાં આવી હોવા છતાં હજુ સુધી અલગ જોબ ચાર્ટ નક્કી ન થતાં રાજ્યવ્યાપી મંડળના આદેશ મુજબ આ લડત લડવામાં આવી રહી છે. મંડળે આશા વ્યક્ત કરી છે કે સરકાર સત્વરે યોગ્ય નિર્ણય લઈને ખેડૂતો અને વિદ્યાર્થીઓની પરેશાનીનો અંત લાવશે.

## જામનગરના હાર્દ દરબારગઢ સર્કલમાં નશેબાજનો હોબાળો



તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં દરબારગઢ સર્કલમાં નશાની હાલતમાં હોબાળો મચાવનાર શખ્સને ઝડપી લેવાયો હતો. આ શખ્સની તબિયત લથડતાં પોલીસે માનવતાના ધોરણે જી.જી. હોસ્પિટલમાં સારવાર અપાવી હતી.

# જામનગરની ભાગોળે ૨૬૯ કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલું WHOનું સેન્ટર

## વિશ્વ આરોગ્ય સંસ્થાના ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટરની પૂર્ણતા તરફ આગળ વધતી કામગીરીનું પ્રભારીમંત્રી અર્જુન મોઢવાડીયાએ કર્યુ નિરિક્ષણ




તસવીરઃ હિરેન ગાંધી


**સમય સંદેશઃ જામનગર**

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી તેમજ જામનગર જિલ્લાના પ્રભારીમંત્રી અર્જૂનભાઈ મોઢવાડિયાએ ગોરધનપર નજીક નિર્માણાધીન વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)ના ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર (GTMC)ની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. રૂ. ૨૬૯.૭૩ કરોડના ખર્ચે ૨૦ એકરમાં તૈયાર થઈ રહેલું આ સેન્ટર વિશ્વનું એકમાત્ર આઉટપોસ્ટ સ્ટેશન છે, જ્યાં સમગ્ર વિશ્વની ૧૦૦થી વધુ પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓ પર સંશોધન અને અભ્યાસ કરવામાં આવશે.

આ આધુનિક કેમ્પસમાં એડમિનિસ્ટ્રેટિવ બ્લોક, ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ લાયબ્રેરી, એક્સપિરિયન્સ ઝોન, પ્રદર્શન ગેલેરી, ત્રણ ઓડિટોરિયમ, સોલાર સિસ્ટમ અને સ્ટાફ આવાસ જેવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. આ ઉપરાંત ૨૬,૫૦૦ ચોરસ મીટર વિસ્તારમાં આયુર્વેદિક ઔષધીય વૃક્ષો ધરાવતા બગીચાઓ બનાવવામાં આવશે. અહીં વિશ્વભરના નિષ્ણાતો અને વૈજ્ઞાનિકો કાર્યરત રહેશે, જેનાથી જામનગર અને ગુજરાતને વૈશ્વિક સ્તરે એક નવી ઓળખ મળશે. ઇટ્રાના ડાયરેક્ટર પ્રો. ડો. તનુજા નેસરી દ્વારા મંત્રીશ્રીને સમગ્ર પ્રોજેક્ટની માહિતી આપવામાં આવી હતી. મંત્રીશ્રીએ આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને નિર્ધારિત સમયમર્યાદામાં અને શ્રેષ્ઠ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા માટે ઉપસ્થિત મ્યુનિસિપલ કમિશનર, ઉડ્ડ અને અન્ય ઉચ્ચ અધિકારીઓને જરૂરી સૂચનો તથા માર્ગદર્શન આપ્યું હતું.

# જામનગરમાં મામાના ઘરે ગયેલી ચાર વર્ષની બાળકી સાથે અડપલા કરનાર નરાધમ વૃદ્ધને પાંચ વર્ષની સજા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં મામાના ઘરે ભાઈબીજ કરવા ગયેલી ચાર વર્ષની દીકરી સાથે અડપલા કરનાર ૬૧ વર્ષના આરોપી વૃદ્ધને કોર્ટે સખત પાંચ વર્ષની કેદની સજા અને રૂ. પંદર હજારનો. દંડ ફટકારેલ હતો.

આ કામના ફરિયાદીની ભોગ બનનાર દીકરી ઉંમર ચાર વર્ષ બે માસ વાળી ફરિયાદી તથા તેના પરિવાર સાથે તા. ૨૩.૧૦.૨૫ ના રોજ ભોગ બનનારના મામાના ઘરે ભાઈ બીજ હોય જેથી જમવા ગયેલ હોય ત્યારે ભોગ બનનાર તથા તેમના ભાઈ મણિભદ્ર એપાર્ટમેન્ટની બહાર રમવા ગયેલ ત્યારે આ કામનો આરોપી પ્રકાશદાન ઇશ્વરદાન દેવકા ઉંમર વર્ષ ૬૧ રહેવાસી શિવ શક્તિ સોસાયટી હાપા વાળાએ ભોગ બનનારને મુઠ્ઠીમાં વસ્તુ આપું તેવો ઇશારો કરી બોલાવે ને ભોગ બનનારને હાથ પકડી ભોગ બનનાર ના ગાલ ઉપર કિસ કરી પોતાના ખોળામાં બેસાડી ભોગ બનનારને ઉચ્ચકનિચક કરતો હોય જેથી ભોગ બનનારે ને તેના ભાઈએ ભોગ બનનારને છોડાવવા પ્રયત્ન કરેલ.

પરંતુ આરોપી છોડતો ન હોય જેથી સામેની સાઈડ નોકરી કરતા ભાઈ ભોગ બનનારને છોડાવી તેમના માતા-પિતાને ભોગ બનનારને સોંપી આપેલ અને બનાવની હકીકત તેમના માતા-પિતાને કરેલ જેથી ભોગ બનનાર ના પિતાએ આરોપી સામે સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર૨૦૯૭ ભારતીય ન્યાય સંહિતાની કલમ તથા પોક્સો કલમ ૮ની ૧૨ મુજબની ફરિયાદ નોંધાવે જે કે સ્પેશિયલ પોક્સો કોર્ટમાં આવી જતા પોકસો કેસ નંબર ૭૫/૨૫ થી ચાલતા જેમાં સરકાર તરફે ૬ સાહેદો તથા ૩૫ જેટલા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ તેમજ સરકારી વકીલની દલીલ તેમજ જ્યાં ભોગ બનનાર સાથે જે બનાવ બનેલ તે દુકાનના સીસીટીવી ફૂટેજમાં બનાવ કેદ થઈ ગયેલ હોય સીસીટીવી ફૂટેજ ધ્યાને રાખી જામનગરના સ્પેશિયલ પોકસો કોર્ટના જજ આરપી મોગેરા સાહેબે પોક્સો કલમ ૮ માં પાંચ વરસની સખત કેદની સજા તથા ૫૦૦૦ દંડ તેમજ પોકસો કલમ ૧૨ માં ૨ વર્ષની સખત કેદની સજા તથા ૨૦૦૦ દંડ અને દંડ ન ભરે તો વધુ ૬ માસની સાદી કેદની સજા તેમજ ભોગ બનનારને વળતર પેટે રૂપિયા બે લાખ ચૂકવવા તેઓ હુકમ કરેલ છે આ કેસમાં સરકારી વકીલ તરીકે ભારતી વાદી રોકાયેલા હતા.

# જામનગરમાં લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારનાર આરોપી ધરપકડ બાદ રિમાન્ડ પર

## આઠ માસ સુધી શરીર સંબંધ રાખ્યા બાદ લગ્નની ના પાડનાર આરોપી યશરાજસિંહ સામે ગુન્હો નોંધાયા બાદ પોલીસની કાર્યવાહી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના એક વિસ્તારમાં રહેતી યુવતીનો શહેરના રામેશ્વરનગર વિસ્તારમાં રહેતા આરોપી યશરાજસિંહ પૃથ્વીસિંહ સોઢા સાથે પરિચય થયો હતો. ત્યારબાદ આરોપીએ યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપી હતી અને છેલ્લા ૮ મહિના દરમિયાન વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા.

આરોપીએ યુવતીને પોતાના ઘરે તેમજ એક સરકારી આવાસ પાછળની અવાવ જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચર્યું હોવાના ફરિયાદમાં


તસવીરઃ હિરેન ગાંધી

આરોપ લાગ્યા છે. ત્યારબાદ આરોપીએ યુવતી સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી.

આથી આખરે યુવતીએ પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવતાં સિટી સી ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ દુષ્કર્મ સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સિટી સી ડિવિઝનના પીઆઈ એન. બી. ડાભીની ટીમે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ અર્થે રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરતા આરોપીના એક દિવસના એટલે કે આજ તા.૩ ઓગસ્ટ સુધીના રિમાન્ડ મંજૂર થયા છે.

# જામનગરના સગીરા ઉપર દુષ્કર્મ અંગે સગીર સામે નોંધાયો ગુન્હો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સિટી બી ડિવિઝન પોલીસ મથક હેઠળના ધારારનગર વિસ્તારમાં સગીરા પર દુષ્કર્મ આચરાયાની ગંભીર ઘટના સામે આવતા શહેરભરમાં ચકચાર મચી છે. સગીરાની માતાની ફરિયાદના આધારે પોલીસે આરોપી સગીર સામે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ ચક્રો ગતિમાન કર્યા છે.

જામનગર સિટી બી ડિવિઝન પોલીસમાંથી જાણવા મળતી વિગતો અનુસાર શહેરના ધરારનગરમાં રહેતા એક પરિવારની આશરે ૧૪ વર્ષની સગીર વયની દીકરી પર તે જ વિસ્તારમાં રહેતા સગીર આરોપીએ અવારનવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ મામલે સગીરાએ પોતાની માતા સમક્ષ સમગ્ર હકીકત વર્ણવતા તેણીની માતાએ સિટી બી ડિવિઝન પોલીસનો સંપર્ક કર્યો હતો. જ્યાં પોતાના જ વિસ્તારમાં રહેતા સગીરવયના આરોપી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો સબંધિત કલમો હેઠળ ગુનો નોંધી સગીર શખ્સની શોધખોળ હાથ ધરી છે. પોલીસે પીડિતાનું નિવેદન સહિત જરૂરી કાયદાકીય પ્રક્રિયા શરૂ કરી છે તેમજ ઘટનાના તમામ પાસાઓની તપાસ કરી રહી છે. આ સમગ્ર મામલે ઘટના ક્યા સંજોગોમાં બની ? તે સહિતના મુદ્દાઓની સિટી બી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ ગઢવી અને તેમની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

# જામનગરમાં રેલ સ્ટેશન માસ્તરના ઘરમાંથી થયેલ ૧.૯૭ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો

## ચોરાઉ મુદામાલ સાથે મહિલા આરોપીને ઝડપી લેવાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના મકાનમાંથી વિસ્તારમાં આવેલા એક રહેણાંક કિંમતી દાગીના તેમજ રોકડ સોના-ચાંદીના રકમ મળીને કુલ રૂ.૧,૯૭,૬૦૦ ની મત્તાની ચોરી થવાનો બનાવ બન્યો હતો. આ અનડીટેકટ ગુનાનો ભેદ ઉકેલવામાં જામનગર સિટી સી-ડિવિઝન પોલીસ સર્વેલન્સ સ્કોડને સફળતા મળી છે.


તસવીરઃ હિરેન ગાંધી

પોલીસે નીલકંઠ પાર્ક ગણતરીના કલાકોમાં જ ચોરીના તે તમામ મુદ્દામાલ સાથે એક મહિલા આરોપીને ઝડપી પાડી જેલ હવાલે કરી છે. શહેરના નીલકંઠ પાર્કમાં ચોર ઈસમે દાગીના અને રોકડ અંગે ગત તા.૧ ઓગસ્ટના રકમની સફાયા કર્યો હતો, જે રોજના રોજ સિટી સી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

ઇન્ચાર્જ પીઆઇ આઈ.એ.ધાસુરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ આર.એલ.કંડોરીયા અને તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી. આવેલા મકાનમાંથી અજાણ્યા દરમિયાન સ્ટાફના યશપાલસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા અને વનરાજભાઈ ખવડને ચોક્કસ આચરનાર મહિલા બેડી બંદર બાતમી મળી હતી કે ચોરી આચરનાર મહિલા બેડી બંદર રિંગ રોડ તરફ લાલ પર્સ લઈને જઈ રહી છે. ચોરીનો મુદ્દામાલ સગેવગે કરવા જઈ રહી છે.બાતમીના આધારે પોલીસે ત્વરિત વોચ ગોઠવીને પૂજાબેન દીપકભાઈ ગોસ્વામી (રહે. તિરુપતિ પાર્ક, દ્વારકાધીશ સોસાયટી-૦૩, જામનગર) નામની મહિલાની અટકાયત કરી હતી તપાસ દરમિયાન મહિલા પાસેથી સોનાની બુટી ૧ જોડી રૂ.૭૪,૦૦૦, સોનાની વીંટી ૨ રૂ.૪૦,૦૦૦, સોનાના પેન્ડલ ૪ રૂ.૪૫,૦૦૦, બાલી રૂ.૧૨,૦૦૦ ઉપરાંત ચાંદીના સિક્કા, કડલી, રાખડી, પાયલ, બ્રેસલેટ, સાંકળા, નજરીયું અનેરૂ.૧૦,૦૦૦ રોકડા મળીને કુલ ૧,૯૭,૬૦૦ નો તમામ મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાલાવડના છતર ગામે મો.સા. અને કાર વચ્ચે ગંભીર અકસ્માતઃ બે ઈજાગ્રસ્ત



**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડ તાલુકાના છતર ગામ નજીક મોટર સાયકલ અને ફોરવ્હીલ કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક પર સવાર બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતા સ્થાનિક ગ્રામજનો અને છતર ગ્રામ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં સ્મશાન પાછળ આવેલ રહેણાંક મકાનમાં આગથી પાંચ લાખનું નુકશાન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સોનાપુરી પાછળ આવેલા ૮૦ ફૂટ રોડ ઉપર રહેતાઝ મહેશભાઈ પરમારના રહેણાંક મકાનમાં એકાએક આગ આજે સવારે લાગી હતી. જે આગ અંગે ફાયર બ્રિગેડને જાણ કરતા ફેરની ટીમ તુર્ત દોડી જઈને એક ગાડી પાણીનું ફાયરિંગ કરીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જો કે આગ વધુ પ્રમાણમાં હોય જેથી આખા ઘરમાં ફેલાઈ ગઈ હતી. મકાનમાં રહેલ ફનિચર સહિત ઘરની ઘરવખરી અને રોકડ આગમાં બળીને ખાખ થઈ ગઈ હતી.જે આગ અંગે મકાન માલિકે નુકશાની જાહેર કરેલ મુજબ ફનિચર અને ઘરની ઘર વખરી મળી કુલ રૂ. ત્રણ લાખ,રોકડ બે લાખ, મળી કુલ પાંચ લાખ બળીને ભસ્મીભૂત થઈ ગયા હતા. જોકે આગ અંગે મકાન માલિકની સમય સૂચકતા લીધે કોઈ જાનહાનિ થઈ ન હતી.


તસવીરઃ હિરેન ગાંધી


# ડેન્ટલ કોલેજના ૧.૩૬ કરોડના ઉચાપતકાંડમાં પકડાયેલ કલાર્કની જામીન અરજી કરાઇ રદ

## ગર્વમેન્ટ ડેન્ટલ કોલેજના ડીન નયના પટેલ દ્વારા ૧૫ કોરા ચેકમાં સહી કરવા અંગેની કાર્ય પદ્ધતિ તથા તપાસનીશ પોલીસ અધિકારીના ઈરાદાપૂર્વકના નરમ વલણની અદાલતે કરી ટીકા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની સરકારી ડેન્ટલ કોલેજમાં રોગી કલ્યાણ સમિતિના ૧૫ ચેકો દ્વારા આચરાયેલા રૂ. ૧.૩૬ કરોડના કૌભાંડમાં જેલહવાલે થયેલા ક્લાર્ક શોભિત રાજેન્દ્રપ્રસાદ ગર્ગની જામીન અરજી ત્રીજા એડિશનલ સેશન્સ જજની અદાલતે રદ કરી છે. સરકારી વકીલ ધર્મેન્દ્રભાઈ જીવરાજાણીની કૌભાંડની ગંભીરતા અને નાણાકીય ટ્રાન્સફર અંગેની દલીલોને ધ્યાને રાખીને કોર્ટે આરોપી ક્લાર્કને જામીન આપવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો.

આ કેસની સુનાવણી દરમિયાન અદાલતે કોરા ચેકોમાં સહીઓ કરવા બદલ કોલેજના ડીન નયનાબેન પટેલની કાર્યપદ્ધતિ પર ભારે ઝાટકણી કાઢી હતી. કોર્ટે સ્પષ્ટ નોંધ્યું હતું કે દેશનો કોઈ પણ ઉપાડ અને ચૂકવણા અધિકારી એડવાન્સમાં કોરા ચેકમાં સહીઓ ન કરે. આ ઉપરાંત, અદાલતે આદેશમાં ૧૩ વખત ડીનના નામ સાથે 'શંકાસ્પદ' શબ્દનો ઉલ્લેખ કરીને તેમની ભૂમિકા પ્રત્યે ગંભીર પ્રશ્નાર્થો ઉભા કર્યા હતા.

તપાસ કરનાર ત્રણ પીએસઆઈઓની ડીન પ્રત્યેની 'રક્ષાત્મક' તપાસ સામે પણ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. આ ગંભીર બેદરકારી અને શંકાસ્પદ તપાસ રવૈયાની નોંધ લેતો એક અલગ જજમેન્ટ ઓર્ડર તૈયાર કરીને

અનુ પાના નં.૨ પર

# જામનગરના નગર સીમ વિસ્તારમાં વરસાદથી સાત ફીડર ટ્રિપ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને નગરસીમ વિસ્તારમાં વરસાદને પગલે પીજીવીસીએલના ૭ વીજ ફીડર ટ્રિપ થઈ જતાં કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. જોકે, વીજતંત્રની ટીમોએ તાત્કાલિક કામગીરી હાથ ધરી ફોલ્ટ શોધી કાઢીને તેને દૂર કર્યો હતો. વીજ વિભાગના કર્મચારીઓની ઝડપી કામગીરીના પરિણામે એક પછી એક તમામ ૭ ફીડર પુનઃ કાર્યરત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં વીજ પુરવઠો પૂર્વવત્ કરવામાં આવતા લોકોને રાહત મળી હતી. વરસાદી માહોલ વચ્ચે પણ વીજતંત્રે ત્વરિત કામગીરી કરીને લાંબા સમય સુધી વીજ પુરવઠો ખોરવાય નહીં તેની તકેદારી રાખી હતી.


તસવીરઃ હિરેન ગાંધી

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com